સરકારી કર્મચારી/અધિકારીઓ માટે CCC/CCC+ની પરીક્ષાની કોમ્પ્યુટર તાલીમ માટે DOEACC તથા C-DAC ની માન્ય સંસ્થાઓને માન્યતા આપવા અંગે..

ગુજરાત સરકાર
વિજ્ઞાન અને પ્રૌઘોગિકી વિભાગ
ઠરાવ ક્રમાંકઃ ટીઆરજી/૨૦૦૬/૨૩૩૯/આઇટી
સચિવાલય, ગાંધીનગર
તારીખ: /૦૬/૨૦૧૪

- 7 JUN 2014

વંચાણે લીધા:

1. સા.વ.વિ.નો ઠરાવ ક્રમાંક : આઇટીપી/૧૦૯૯/૪૩૪/આઇટીડી(ભાગ-૧), તા.૧૫/૦૨/૨૦૦૧
2. વિજ્ઞાન અને પ્રૌઘોવિકી વિભાગનો ઠરાવ ક્રમાંક : ટીઆજી/૧૦૨૦૦૩/૧૩૭૩/ડીએસટી.તા.૦૪/૦૫/૨૦૦૫
3. સા.વ.વિ.ના તા.૩૦/૦૯/૨૦૦૬ના જાહેરનામા ક્રમાંક : જીએસ/૨૦૦૬/૩૧/કેએચટીપી/૧૦૨૦૦૫/૧૫૧૯/ ક
4. સા.વ.વિ.નો તા.૩૦/૦૯/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક
5. સા.વ.વિ.નો તા.૧૬/૧૦/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક : પરચ/૧૦૨૦૦૫/૧૫૩૨/ક
6. વિજ્ઞાન અને પ્રૌઘોગિકી વિભાગના સરખા ક્રમાંકના તા.૦૧/૦૨/૨૦૦૮ , તા૨૪/૦૭/૨૦૦૯, તા.૨૩/૧૦/૨૦૦૯, તા.૦૮/૦૭/૨૦૧૦ અને તા.૨૭/૦૫/૨૦૧૧ ના સરખા ક્રમાંકના ઠરાવ.
7. ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લી. નો તા.૧૫/૦૭/૧૩નો પત્ર ક્રમાંક: GIL/EOIT/CCC/801/SW/841608
8. ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લી. નો તા.૧૮/૦૩/૧૪નો પત્ર ક્રમાંક: GIL/EOIT/CCC/801/SW/928587

ગુજરાત રાજયમાં ઇ-ગવર્નન્સ ક્ષેત્રે ઝડપી વિકાસ થકી લોકોને સરળ, અસરકારક અને પારદર્શક વહીવટ પૂરો પાડી શકાય તે માટે સંદર્ભઃ ૬ સામે દર્શાવેલ તા.૦૧/૦૨/૨૦૦૮ના સરખા ક્રમાંકના ઠરાવથી સરકારી કર્મચારી / અધિકારીઓ માટે CCC/CCC+ ની પરીક્ષાની કોમ્પ્યુટર તાલીમ માટે ખાનગી તાલીમી સંસ્થાઓને માન્યતા આપવામાં આવેલી છે. ત્યારબાદ વખતો વખત આવી માન્યતાની મુદ્દત આ વિભાગ દ્વારા લંબાવવામાં આવેલ છે. છેલ્લે આ વિભાગના સંદર્ભઃ ૬ સામે દર્શાવેલ તા.૨૭/૦૫/૨૦૧૧ના ઠરાવથી આ સંસ્થાઓની મુદત તા.૩૧/૦૭/૨૦૧૧ સુધી લંબાવવામાં આવેલ. આ વિભાગની IT કમિટીની

તા.૦૫/૦૯/૧૧ના રોજ મળેલ બેઠકના એજન્ડા-૧ માં જણાવ્યા મુજબ હવે મોટા ભાગના સરકારી કર્મચારી/અધિકારીઓએ સીસીસી અને સીસીસી+ ની પરીક્ષાની કોમ્પ્યુટર તાલીમ માટેની પરીક્ષા પાસ કરેલ હોવાથી હવેથી સરકારી કર્મચારી/અધિકારીઓ માટે સીસીસી અને સીસીસી+ ની પરીક્ષાની કોમ્પ્યુટર તાલીમ માટે ખાનગી તાલીમી સંસ્થાઓને માન્યતા આપવા બાબતમાં ટેન્ડર પ્રક્રિયા કે મુદત વધારવાની હવે જરૂર નથી. પરંતુ જે સરકારી કર્મચારી/અધિકારીઓને સીસીસી અને સીસીસી+ ની પરીક્ષાની કોમ્પ્યુટર તાલીમ માટેની પરીક્ષા પાસ કરવાની બાકી છે તેઓ અન્ય સરકારી સંસ્થાઓ જેવી કે DOEACC, SPIPA, ITI વગેરેમાં તાલીમ લઈ શકશે. આથી સરકારી કર્મચારી / અધિકારીઓ માટે CCC/CCC+ની પરીક્ષાની કોમ્પ્યુટર તાલીમ લઈ શકે તે માટે અન્ય સરકારી સંસ્થાઓ બાબતે દરખાસ્ત કરવા ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લી, ગાંધીનગરને વિભાગના તા.૦૯/૧૧/૨૦૧૧ના પત્રથી જણાવેલ. સંદર્ભ ક્રમાંકઃ૭ અને ૮ સામે દર્શાવેલ ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લીના તા-૧૫/૦૭/૨૦૧૩ અને તા.૧૮/03/૨૦૧૪ ના પત્ર અન્વયે સરકારી અધિકારીઓ/ કર્મચારીઓની સીસીસી/સીસીસી+ તાલીમ માટે તાલીમ કેન્દ્રો, તાલીમ સંસ્થા તરીકે DOEACC તથા C-DAC ની માન્ય સંસ્થાઓની યાદી મોકલી તેને માન્યતા આપવાની દરખાસ્ત કરવામાં આવેલ. ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લીની સદરહુ દરખાસ્તને મંજુરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવઃ</u>

સક્રિય વિચારણાના અંતે રાજય સરકારના કર્મચારીઓ / અધિકારીઓ માટેની CCC/ CCC+ની તાલીમ માટે તથા CCC અને CCC+ એમ બંને પ્રકારના તાલીમ કોર્ષ માટે DOEACC તથા C-DAC ને તાલીમ સંસ્થા તરીકે આથી મંજુરી આપવામાં આવે છે અને નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

(૧.) આ સાથે સામેલ પરિશિષ્ટ-૧ માં દર્શાવેલ DOEACC ના કુલ - ૧૫૯ માન્ય સેન્ટરો ઉપરથી કર્મચારી/ અધિકારી CCC/CCC+ ની તાલીમ લઈ શકશે.

(૨.) આ સાથે સામેલ પરિશિષ્ટ- ૨ માં દર્શાવેલ C-DAC ના કુલ - ૮૩ માન્ય સેન્ટરો ઉપરથી કર્મચારી/ અધિકારી CCC/CCC+ ની તાલીમ લઈ શકશે.

(૩.) આ પરિશિષ્ટોમાં દર્શાવેલ તાલીમી સંસ્થાઓની કામગીરીની સમયાંતરે સમીક્ષા કરી આ વિભાગ તેમાં સુધારો વધારો કરી શકશે.

(૪.) આ ઠરાવની તારીખથી એક વર્ષ સુધીની મુદત માટે આ સંસ્થાઓને માન્ય રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. 'આઈટીઆઈ' દ્વારા CCC સ્તરની તાલીમ માટે ૯ ( નવ) દિવસ તથા 'સ્પીપા' દ્વારા CCC+ સ્તરની તાલીમ માટે કુલ ૧૨ (બાર) દિવસ નિયત કરાયેલ છે. તે પ્રમાણે તાલીમી સંસ્થાઓએ તાલીમનો સમયગાળો સળંગ રાખવાનો રહેશે. તેમજ CCC તાલીમ માટે ૪૫ કલાક અને CCC+ તાલીમ માટે ૭૫ કલાકનો તાલીમનો સમયગાળો નિયત કરવાનો રહેશે.

૩. ઠરાવની અન્ય શરતો સંદર્ભ – ૬ સામે દર્શાવેલ આ વિભાગના તા.૦૧/૦૨/૨૦૦૮ના સરખા ક્રમાંકના ઠરાવથી બહાર પાડેલ સૂચનાઓ મુજબ યથાવત રહેશે.

૪. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સામાન્ય વહીવટ વિભાગની તા.૨૭/03/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગૌરાંગ શાહ)
નાયબ સચિવ(આઇટી),
સાયન્સ અને ટેકનોલોજી વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ

- માન. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, માન. મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- દરેક વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, લાલદરવાજા, અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી , રાજકોટ / અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

- ડાયરેકટર જનરલશ્રી, સરદાર પટેલ રાજય વહીવટ ભવન, અમદાવાદ
- ડાયરેકટરશ્રી(ઇ-ગવર્નન્સ), ગુજરાત ઇન્ફર્મેટીકસ લી., ઉદ્યોગભવન, ગાંધીનગર તરફ સર્વે ખાનગી સંસ્થાઓને જાણ કરવા સારૂ.
- વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ-કચેરીઓ..
- માહિતી અધિકારીશ્રી, ગાંધીનગર
- સ્ટેટ કો-ઓર્ડીનેટર ઓફ C-DAC, ગુજરાત, ૪૦૨, સમાન, ૪થો માળ, નાલંદા કોમ્પલેક્ષ સામે, કામેશ્વર શાળા પાસે, જોધપુર –સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫
- State Co-ordinator of gujarat of DOEACC, National Institute of Electronics and Information Technology (NIELIT), Electronics Niketan, 6, CGO Complex, Lodhi Road, New Delhi - 110 003, India
- વેબ માસ્ટર સચિવાલય, ગાંધીનગર સદરહુ ઠરાવ ઓનલાઇન મૂકવા સારૂ.
- પત્ર મારફત

| | | | | |
|---|---|---|---|---|
| | | GUJARAT | | |
| 78. | INFONIX COMPUTER CENTRE | R | | |
| 79. | INFONIX COMPUTERS | FRANCHISEE (CMC LTD), 2ND FLOOR<br>SATGURU COMPLEX, OPP JAIN SOCIETY, NEAR BUS STAND<br>GODHRA 389001<br>GUJARAT | GODHRA | **Phone :** 02672-243397, 253397<br>**E-Mail :**<br>nikhilesh@engineer.com,<br>neeravpats@yahoo.com |

સેક્શન અધિકારી
વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ
સચિવાલય, ગાંધીનગર,